# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદની મુલાકાતે - વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે
2) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજે ગાંધીનગર ખાતે "100 દિવસ સઘન ટીબી નાબૂદી ઝુંબેશ"નો રાજ્યવ્યાપી શુભારંભ કરશે.**
3) **ભૂજથી નખત્રાણા સુધીનો 45 કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા 937 કરોડ રૂપિયા મંજુર કરાયા**
4) **સમગ્ર રાજયમાં ગઈકાલથી બે દિવસના રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ**
5) **અમદાવાદ રેલવે વિભાગે ટિકીટ વિનાની મુસાફરી સહિતના ગુનામાં આઠ મહિનામાં 13 કરોડ 46 લાખનો દંડ વસુલ્યો**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદની મુલાકાતે આવશે. શ્રી શાહ આજે સવારે અમદાવાદમા ગ્લોબલ હોસ્પિટલનું ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ, શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર ગુજરાત લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. શ્રી શાહ સાંજે BAPS અક્ષરધામના કાર્યકર્તા સ્વર્ણ જયંતિ ઉત્સવમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલ પણ ભાગ લેશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# NAVNEET SEHGAL

પ્રસાર ભારતીના ચેરમેન નવનીતકુમાર સહેગલ આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવશે. તેઓ આકાશવાણી અમદાવાદ અને દૂરદર્શન અમદાવાદ કેન્દ્રોની મુલાકાત લેશે અને ત્યાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરશે.

-------------------------------------------------------------------

- APARNA KHUNT, અપર્ણા ડેસ્ક - દુર્ગેશ

# TB NABUDI ABHIYAN

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજે ગાંધીનગર સ્થિત જી મર્સ મેડિકલ કોલેજ ખાતેથી “100 દિવસ સઘન ટીબી નાબૂદી ઝુંબેશ”નો રાજ્યવ્યાપી શુભારંભ કરશે.

રાષ્ટ્રીય ક્ષય નાબુદી કાર્યક્રમ અંતર્ગત રાજયના 16 જિલ્લા અને 4 મહાનગરપાલિકાઓમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા આજે હરિયાણાના પંચકુલા ખાતે આ રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશનો પ્રારંભ કરાવશે. આ ઝુંબેશ દરમિયાન ટીબીના નવા કેસ ઝડપથી શોધી કાઢવા, ત્વરિત અને સઘન સારવાર, તેમજ જનભાગીદારી દ્વારા પોષણયુક્ત આહારની કીટ્સ પૂરી પાડવા જેવી વિવિધ કામગીરી કરવામાં આવશે.

આ સઘન ઝુંબેશમાં આરોગ્ય વિભાગ સાથે અન્ય વિભાગોની સક્રિય ભાગીદારી પણ મેળવવામાં આવશે.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ અનિલ

, NAVIN

# SUVARNA MAHOTSAVA BAPS

આજે બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા – BAPS નો કાર્યકર સુવર્ણ મહોત્સવ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં BAPS સંસ્થાના વડા મહંત સ્વામી તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

પ્રસ્તુત છે આ અંગે એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ રીટા દવે)

બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ની ઉજવણીમાં આજે દેશ દુનિયામાંથી BAPSના લાખો કાર્યકરો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પહોંચ્યા છે.

૧૯૭૨માં તૈયાર કરાયેલ કાર્યકરોના એક વિધિવત્ માળખાને આજે 50 વર્ષ પૂર્ણ થતાં સુધી સંસ્થાના કાર્યકરોનું એક વૈશ્વિક વૃંદ તૈયાર થયું છે. આ કાર્યકરોની નિઃસ્વાર્થ સેવાઓને બિરદાવવા માટે જાન્યુઆરી ૨૦૨૪માં સુરત ખાતે 'બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવ' પર્વનો આરંભ કરવામાં આવ્યો હતો. આજે યોજાનાર આ કાર્યક્રમમાં 2 હજારથી વધુ લોકો વિવિધ પ્રસ્તુતિ કરશે. આ રંગારંગ કાર્યક્રમની મુખ્ય થીમ બીજ, વટવૃક્ષ અને ફળ એમ ત્રણ વિભાગમાં રજુ થશે. દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકો પોતાના ઘરે અથવા મંદિરોના સભાગૃહોમાં જીવંત પ્રસારણ દ્વારા આ કાર્યક્રમને માણી શકશે.

---

- હિન્દુસ્તાન સમાચાર – શ્રીરંગ - દુર્ગેશ

# DANG STRAWBERRY FARMING

ડાંગનાં આદિવાસી ખેડૂતો હવે પરંપરાગત ખેતી સાથે સિઝનલ પાક એવા સ્ટ્રોબેરીની ખેતી કરીને સારી આવક મેળવી રહ્યા છે. ભેજવાળી અને ઠંડી આબોહવામાં પાકતી સ્ટ્રોબેરીને ડાંગ જિલ્લાનું અનુકૂળ વાતાવરણ મળી રહેતા અહીનાં આદિવાસી ખેડૂતો સ્ટ્રોબેરીની ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે.

ચાલુ વર્ષે ખેડૂતોએ મોટા પ્રમાણમાં સ્ટ્રોબેરીની ખેતી કરી છે અને આહવા, વઘઇ તથા સાપુતારાના બજારમાં વેચી રહ્યા છે. બાગાયત ખાતા દ્વારા 50 થી વધુ ખેડૂતોને સહાય પણ ચૂકવવામાં આવી છે.

આ અંગે આહવાના બાગાયત અધિકારી આનંદ બાગુલે વધુ માહિતી આપી.

**(BYTE ANAND BAGUL)**

---

- ડાંગ પીટીસી અનિલ

NAVIN

# BUJ-NAKHTRANA ROAD

કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી નખત્રાણા સુધીનો 45 કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પીડ કોરીડોર તરીકે વિકસાવવામાં આવશે. આ માટે રાજ્ય સરકારે 937 કરોડ રૂપિયા મંજુર કર્યા છે.

હાલમાં આ રોડ 10 મીટર પહોળાઈ ધરાવે છે, જે હાઈ સ્પિડ કોરીડોર બન્યા બાદ પ્રસિધ્ધ તીર્થ સ્થળ માતાના મઢ, નારાયણ સરોવર અને ધોરડો તથા સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે અવરજવર માટે સરળતા પૂરી પાડશે.

આ માર્ગ આંતરરાષ્ટ્રીય સરહદ અને પાનન્ધ્રો લિગ્નાઈટ માઈન્સને જોડતો સૌથી મહત્વનો માર્ગ છે. આ ઉપરાંત તે આ અંતરિયાળ જિલ્લાને રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ દેશના અન્ય રાજ્યોના જિલ્લાઓ સાથે પણ જોડે છે.

---

- -માહિતી ખાતુ અનિલ, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# HIGHCOURT

આજે સર્વોચ્ચ ન્યાયાલયના બે ન્યાયાધીશ અમદાવાદની મુલાકાતે છે. આજે સવારે ન્યાયમૂર્તિ સુર્યકાંતના હસ્તે ગુજરાત વડી અદાલત ખાતે જુદાજુદા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ  પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કાયદામંત્રી ઋષિકેશ પટેલ, વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ  ખાસ ઉપસ્થિત રહેશે. આજે સાંજે અમદાવાદ બાર એસોસિએશન દ્વારા આયોજીત દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ જે.બી. પારડીવાલા મુખ્ય મહેમાનપદે  ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગુજરાત ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયધીશ સહીત અનેક મહાનુભાવો પણ મોટી સંખ્યામાં હાજરી આપશે.

---------------------------------------------------------------------

- -પીટીસી- અમદાવાદ- સરફરાઝ નાગોરી

NAVIN

# RAVI KRUSHI MAHOTSAV

સમગ્ર રાજ્યમાં બે દિવસ માટેના રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો ગઈકાલથી આરંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રવી કૃષિ મહોત્સવનો બનાસકાંઠાના દાંતીવાડામાં આરંભ કરાવ્યો હતો..

બે દિવસીય કૃષિ મહોત્સવમાં વિવિધ ટેકનીક્લ માર્ગદર્શન, પરિસંવાદો, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત તેમજ પશુ આરોગ્ય મેળાઓ રાજ્યના તમામ તાલુકા મથકોએ યોજાશે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે સિદ્ધપુર તાલુકાના સમોડા ખાતેથી પાટણ જિલ્લામાં નવ તાલુકામાં કૃષિ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી રાજપૂતે જણાવ્યું હતું કે, આ કૃષિ મહોત્સવમાં  ખેડૂતોને તાલીમ મળશે. તેમણે ખેડૂતોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

અમારા ખેડા જિલ્લાના પ્રતિનિધી જનક જાગીરદાર જણાવે છે કે જિલ્લાના તમામ તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪ શરૂ થયો છે. આ અંતર્ગત નડિયાદ, માતર, મહુધા, કપડવંજ સહિતનાં શહેરોમાં કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી કરતાં વિવિધ તાલુકાના ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાના  ગોધરા તાલુકામાં ઓરવાડા ગ્રામ પંચાયત મેદાન ખાતે જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાની ઉપસ્થિતિમાં રવિ કૃષિ મહોત્સવ-૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતું.

---

- પીટીસી પાટણ,ખેડા અનિલ -પીટીસી- પંચમહાલ - સરફરાઝ નાગોરી NAVIN

# RAILWAY PENALTY

અમદાવાદ રેલવે વિભાગે એપ્રિલથી નવેમ્બર 2024 દરમિયાન ટિકિટ વિના યાત્રા કરનારા 94 હજાર 600થી વધુ કેસમાં 8 કરોડ 71 લાખ રૂપિયાનો દંડ વસુલ્યો છે. તેમજ ગેરકાયદેસર બુકીંગ દ્વારા મુસાફરી કરનાર આશરે 81 હજાર 500 મુસાફરો પાસેથી 4 કરોડ 70 લાખ રૂપિયાની દંડની રકમ વસુલી છે.

એપ્રિલથી નવેમ્બર 2024 સુધીમાં વગર ટિકિટે તેમજ અનિયમિત મુસાફરો અને બુકીંગ વિનાની મુસાફરી અને સામાન સહિતના કુલ 1 લાખ 78 હજાર કેસમાં 13 કરોડ 46 લાખ રૂપિયાની માતબર રકમ દંડ સ્વરૂપે વસુલ કરી છે. પશ્ચિમ રેલવે વિભાગે પ્રજાજનોને ઉચિત ટિકિટ દ્વારા મુસાફરી કરવા અનુરોધ કર્યો છે.

--------------------------------------------------------------------

- -પીટીસી- અમદાવાદ- સરફરાઝ નાગોરી , NAVIN

# Indian International Trade Fair-2024

નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે તાજેતરમાં યોજાયેલા “ભારતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળા”માં ગરવી ગુર્જરીએ સવા કરોડ રૂપિયાથી વધુના ઉત્પાદનોનું વેચાણ કરવાની સિદ્ધિ હાંસલ મેળવી છે.

ગરવી ગુર્જરી દ્વારા આ મેળામાં રાજ્યના હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં એક જિલ્લો, એક ઉત્પાદન સંકલ્પના હેઠળ વિવિધ પુરસ્કારથી સન્માનિત છ કારીગરો સહિત ગુજરાતના કુલ ૬૦ કલાકસીબીઓએ પોતાના ઉત્કૃષ્ટ ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કર્યું હતું.

---

- - મા.ખા. શ્રીરંગ - દુર્ગેશ

# DIV - NDRF

વડોદરાની NDRF ટીમદ્વારા બુચરવાડા ઉચ્ચતર માધ્યમિક શાળામાં કુદરતી આફત દરમિયાન સુરક્ષાને લઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવના પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વ હેઠળ NDRF વડોદરા દ્વારા 'શાળા સુરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં NDRFના ઇન્સ્પેક્ટર અમિતકુમાર જાખડે જણાવ્યું હતું કે શાળા એ એક મહત્વપૂર્ણ માળખું છે, જેને ભવિષ્યના નાગરિકોને તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેથી આપત્તિ દરમિયાન બાળકો, શિક્ષકો અને કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે.

---

- - ptc દીવ ,જયેશ પટેલ, દુર્ગેશ